## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




લો આ સસ્પેન્શન લેટર... કોરોના કાળમાં આ નેતાને ત્યાં ભીડ એકઠી કરવાના ન્યૂઝ ન આવ્યા હોત તો કદાચ તમને બિરદાવવામાં આવત...

# ફુડકોર્ટની ૧૨ દુકાનોને ભાડાપેટે ફાળવવા માટે ટુંકમાં ફરી હરાજી કરાશે

## હરાજીના અંતે ટુંકમાં ૪૫ અરજદારોને દુકાનો ફાળવી દેવાશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગર ફુડકોર્ટના ૯૭ સ્ટોલ્સ પૈકી બાકી રહેતા ૫૭ સ્ટોલ્સને ભાડેથી ફાળવવા માટે થોડા સમય અગાઉ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે આ દરમિયાન ૪૫ લાભાર્થીઓને આ દુકાનો ફાળવી દેવા માટે નિર્ણય લેવાયો છે.જયારે અન્ય ૧૨ કિસ્સામાં હરાજીની પ્રક્રીયા પુન : હાથ ધરવામાં આવશે. ફુડકોર્ટના સ્ટોલ્સ ભાડેથી લેવા માટે અરજદારો કક્ષાએથી રૂ ૧૦ હજારથી ૫૦ હજાર સુધીનુ તગડુ ભાડુ ચુકવવા માટે પણ તૈયારી દર્શાવામાં આવી હતી.

ગાંધીનગરના ઘ-૫ વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટના નિર્માણ બાદ વર્ષોથી બિન ઉપયોગી સ્ટોલ્સની જાળવણી માટે તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. ફુડકોર્ટની દુકાનોના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧૨ લાખનો ખર્ચ કરાયો હતો જયારે અત્યાર સુધી ન ફાળવવામાં આવી હોય તેવી દુકાનો ભાડા પેટે હરાજીથી ફાળવવામાં આવી હતી જયારે આ દુકાનો અન્વયે લઘુત્તમ રૂ ૯૪૦૦ ભાડાનો દુર નિયત કરાયો હતો જયારે હરાજી દરમિયાન રૂ ૫૦ હજાર સુધીનુ ભાડુ ચુકવવા માટે પણ અરજદારોએ સંમતિ દર્શાવી હતી જેના લીધે જુદા જુદા સ્ટોલ્સ તેના લોકેશન મુજબ ભાડા પેટે ફાળવવાની કાર્યવાહી અન્વયે હરાજી કરવામાં આવી હતી આગામી દિવસોમાં આ ૫૭ પૈકી ૪૫ અરજદારોને આ દુકાનો ભાડા પેટે ફાળવી દેવામાં આવશે. જયારે અન્ય ૧૨ કિસ્સામાં હરાજીની પ્રક્રીયા પુન : હાથ ધરવામાં આવશે. ગાંધીનગરની ફુડકોર્ટમાં કુલ ૯૭ સ્ટોલ્સ છે. જયારે હાલ આ ફુડકોર્ટમાં બાકી રહેતા સ્ટોલ્સ પણ ભાડાથી ફાળવી દેવાતા ટુંકમાં સંપુર્ણ ખાણીપીણી બજાર ધમધમતુ થઈ જશે. જો કે આગામી દિવસોમાં બાકી રહેતા સ્ટોલ્સ માટે પણ પુન : હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ ફુડકોર્ટની ભાડાવસુલીનુ કામ પાટનગર યોજના ભવન કરશે જયારે હરાજીથી ભાડે આપવાની પ્રક્રીયા કલેકટર કચેરી દ્વારા કરવામાં આવી રહી છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના અત્યાર સુધીમાં ૧ લાખ ૨૭ હજાર લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં ૧૩,૮૦૦ જેટલા આરટીપીસીઆર ટેસ્ટનો પણ સમાવેશ થાય છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠક ૮મી ડિસેમ્બરના રોજ મળશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી, ઉત્પાદન અને સહકાર સમિતિની બેઠક ૧૦મી ડિસેમ્બરના રોજ મળશે.
- પ્રશ્નોરા નાગર સમાજના અગ્રણી સનતભાઈ ભટ્ટનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણના કેસોમાં સતત વૃદ્ધિ જોવા મળી રહી છે. તંત્રએ હવે ગ્રામ્ય વિસ્તારમાં એન્ટીજન અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યા વધારવાનો નિર્ણય કર્યો છે.
- ગાંધીનગર શહેરમાં નવા શાકભાજીની આવક થતા ભાવોમાં સ્થિરતા આવી.

# આ માસના અંતમાં ઠંડીનું જોર વધશે : આજથી ઠંડી વધશે

ગાંધીનગર, તા.૩

ડિસેમ્બર માસના અંતે ઠંડીનું જોર વધશે. ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે ડિસેમ્બરની તા. ૨૨ પછી ઠંડી ખૂબ વધશે. ડિસેમ્બર તા. ૧૭ સુધીમાં હજુ પણ બંગાળના ઉપસાગરમાં ચક્રવાતો થવાની સંભાવના રહે. આ ચક્રવાતોને લીધે અરબસાગરમાં પણ હળવા પ્રકારના હવાના દબાણો ઉભા થાય જેના લીધે રાજયના દરિયાકિનારાના ભાગોમાં વાદળવાયુની પણ શકયતા રહે. ડિસેમ્બર તા. ૪થી ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ વધે અને તા. ૭ સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાની શકયતા રહે અને પશ્ચિમી વિક્ષેપની પણ અસર રહે. જેના લીધે રાજયમાં વાદળવાયુ આવી શકે. તા. ૯-૧૦માં ઠંડા પુવનો ફૂંકાય અને વાદળો પણ આવી શકે. તા. ૧૩ થી ૧૭માં વાદળવાયુ આવે અને આ અરસામાં રાજયના કોઈ પણ ભાગોમાં હળવા માવઠાની પણ શકયતા રહે. તા. ૧૭ થી ૧૯માં ભારે ઠંડી પડે. તા. ૨૨ ડિસેમ્બરથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થાય અને ગાત્રો થીજવતી ઠંડી પડે. તા. ૨૭-૨૮ ઠંડીનો ચમકારો વધે અને તા. ૪ જાન્યુઆરી પછી સખત ઠંડી પડે. જાન્યુઆરી ૨૦૨૧માં કાતીલ ઠંડીને વેગ મળે. જેમાં ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં લઘુત્તમ તાપમાન ૮ ડી.સે.થી પણ નીચે જવાની શકયતા રહે એટલે હવે ધીરે ધીરે ઠંડીનો ચમકારો વધતો જાય અને ગાત્રો થીજવતી ઠંડી ડીસેમ્બરની શરૂઆતમાં અને તા. ૧૫,૧૬, ૧૭માં પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં ધુમ્મસ પડવાની શકયતા રહે. જેના લીધે દશ્યતા ઘટે. ગુજરાતમાં પણ ધુમ્મસ રહે.

# વડાપ્રધાન મોદી ૧૪-૧૫ ડિસેમ્બરે રાજ્યની મુલાકાતે આવશે

ગુજરાતના પનોતા પુત્ર વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી શકે છે. કચ્છમાં બે અલગ-અલગ કાર્યક્રમોના ખાતમુહૂર્ત માટે ગુજરાત સરકાર દ્વારા વડા પ્રધાન મોદીને આમંત્રણ આપવાની સાથે તેઓનો સમય માગ્યો છે. જો કે, હજુ સુધી આ પ્રવાસ અંગે વડા પ્રધાન કાર્યાલય તરફથી કાર્યક્રમને અંતિમ ઓપ આપવામાં આવશે.

હાલમાં જ પીએમ નરેન્દ્ર મોદી સી પ્લેનના ઉદઘાટન અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિવિધ યોજનાઓનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહ્યા હતા. તેવામાં આ મહિને પણ પીએમ નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવી શકે છે. ૧૫ ડિસેમ્બરે કચ્છમાં બે અલગ-અલગ કાર્યક્રમોના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં પીએમ મોદી હાજર રહેશે તેવી સંભાવના છે. રાજ્ય સરકારે ખાતમુહૂર્ત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સમય માગ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના જણાવ્યા અનુસાર ૧૫ ડિસેમ્બર પ્રધાનમંત્રી ગુજરાત આવી શકે છે. કચ્છના માંડવી ખાતે ખારા પાણીને મીઠું કરવા માટેના ડિસેલિનેશન પ્લાન્ટ અને ખાવડામાં ખાનગી કંપનીના ૩૦ હજાર મેગાવોટ સોલાર પ્લાન્ટનું ખાતમુહૂર્ત પ્રધાનમંત્રીના હસ્તે કરવામાં આવશે. શક્યતા એવી પણ છે કે, પ્રધાનમંત્રી આગળનાં દિવસે એટલે કે ૧૪ ડિસેમ્બરે જ કચ્છના ધોરડો ખાતે રાત્રિ રોકાણ કરી શકે છે. જો કે, પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા તેમના શિડયુલને અંતિમ ઓપ આપશે.

### શાળાઓ ખૂલવાના ઠેકાણાં નથી ને પરીક્ષાની વેતરણ

# બોર્ડની પરીક્ષાઓ માર્ચમાં સમયસર લેવા અંગે શંકા

## ફોર્મ ભરવામાં દોઢ માસ જાય અને એ પછી તૈયારી શરૂ થતી હોઈ કોરોનામાં પરીક્ષાનું સમયસર આયોજન મુશ્કેલ

ગાંધીનગર, તા. ૩

કોરોનાને કારણે એક તરફ સ્કૂલો ક્યારથી ખૂલશે તેના કોઈ ઠેકાણા નથી ત્યારે આ વખતે બોર્ડની પરીક્ષા પણ મોડી લેવાય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બોર્ડની પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરવાની પ્રક્રિયા દર વર્ષે નવેમ્બર મહિનાથી જ શરુ થઈ જતી હોય છે. જોકે, આ વખતે ડિસેમ્બર શરુ થઈ ગયો હોવા છતાં તેના કોઈ ઠેકાણા નથી. બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવામાં ખાસ્સો દોઢેક મહિના જેટલો સમય જતો હોય છે. આ કાર્યવાહી પૂરી થયા બાદ બીજી તૈયારીઓ શરુ થાય છે, અને આખરે માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવાય છે. જોકે, આ વખતે શૈક્ષણિક વર્ષનું કેલેન્ડર જ ખોરવાઈ ગયું છે, ત્યારે બોર્ડની પરીક્ષા પણ માર્ચ મહિનામાં યોજાશે કે કેમ તે એક સવાલ છે.

માર્ચ મહિનાથી સ્કૂલો બંધ હોવાથી વિદ્યાર્થીઓ જેમતેમ કરીને ઓનલાઈન એજ્યુકેશન લઈ રહ્યા છે. જોકે, તેમાં પણ અનેક પ્રશ્નો છે, ત્યારે સરકારે આ વખતે અભ્યાસક્રમમાં ઘટાડાની પણ જાહેરાત કરી છે. તેવામાં જાણકારોનું માનીએ તો, આ વખતે બોર્ડની પરીક્ષા માર્ચને બદલે મે મહિનાની આસપાસ લેવાય તેવી શક્યતા છે. જોકે, સરકાર આ મામલે હાલ સત્તાવાર રીતે કશુંય બોલવા માટે તૈયાર નથી.

દિવાળી પહેલા ગુજરાત સરકાર વેકેશન પૂર્ણ થતાં જ સ્કૂલો આંશિક રીતે શરુ કરવાની પૂરી તૈયારી કરીને બેઠી હતી. વાલીઓના જોરદાર વિરોધ વચ્ચે પણ સ્કૂલો ખોલવા માટે સરકાર મક્કમ હતી. પરંતુ કોરોનાના કેસોનો દિવાળી બાદ વિસ્ફોટ થતાં સરકારને પોતાનો નિર્ણય પડતો મૂકવાની ફરજ પડી હતી.

આ વર્ષે સ્કૂલો ખૂલશે કે કેમ તેવી અટકળો વચ્ચે થોડા દિવસ પહેલા જ એવા અહેવાલ આવ્યા હતા કે સરકાર ધોરણ ૧૦-૧૨ સિવાયના વર્ગોના વિદ્યાર્થીઓને ફરી માસ પ્રમોશન આપી શકે છે.

જોકે, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ મામલે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે હાલ સરકારની માસ પ્રમોશન આપવાની કોઈ વિચારણા નથી. સરકારે હજુ સુધી સ્કૂલો ખોલવા અંગે નવી કોઈ સૂચના બહાર નતી પાડી ત્યારે ઘણા વાલીઓ આ વર્ષે બાળકોને સ્કૂલે ના મોકલવા માટે મક્કમ છે.

ગુજરાતમાં માર્ચ મહિનાથી સ્કૂલો બંધ કરી દેવાઈ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં સરકારે ધોરણ ૧૦ અને ૧૨ને બાદ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યા હતા. દિવાળી પછી સ્કૂલો ખૂલશે તેવી શક્યતા પણ હતી, પરંતુ કોરોનાના વધતા કેસોએ તેના પર પાણી ફેરવી દીધું છે.

જાણકારોનું માનીએ તો, આ વર્ષે સ્કૂલો જો ખૂલી જાય તો પણ સ્ટૂડન્ટ્સને આવવાની ફરજ પાડવામાં નહીં આવે, અને માતાપિતાની સહમતીથી જે સ્ટૂડન્ટ્સ સ્કૂલે આવવા માગતા હોય તેમને જ પરમિશન અપાશે. વળી, સ્કૂલો કોરોનાના કેસોમાં મોટો ઘટાડો ના થાય ત્યાં સુધી પૂર્ણ ક્ષમતાએ ચલાવવી શક્ય ના હોવાથી દરેક વર્ગના વિદ્યાર્થીઓ સ્કૂલે આવી શકશે કે કેમ તે પણ એક સવાલ ઉભો થશે.

આ વર્ષે દરેક સ્કૂલો ઓનલાઈન એજ્યુકેશન આપી રહી છે, અને ઘણી સ્કૂલોએ તો ઓનલાઈન પરીક્ષા પણ લઈ લીધી છે. બીજી તરફ, જે વિદ્યાર્થીઓના ઘરે સ્માર્ટફોન કે લેપટોપની વ્યવસ્થા નથી તેમને ઓનલાઈન શિક્ષણથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.




મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મહાત્મા મંદિર ખાતે ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમનો પ્રારંભ કરાવવાના પ્રસંગે રાજ્યની તમામ મહાનગર પાલિકાના મેયર, સ્થાયી સમિતિના ચેરમેન અને ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન તથા અધિકારીઓ સાથે મેયરશ્રી રીટાબેન પટેલે હાજરી આપી હતી. રાજ્યમાં હવેથી લો રાઈઝ બિલ્ડીંગ માટે ઓફ લાઈન પ્લાન પાસીંગ સંપૂર્ણ બંધ કરાશે. ઓનલાઈન પરમીશન માત્ર ૨૪ કલાકમાં મળી જશે, આંટીઘૂંટીઓ વાળી જટિલ પ્રક્રિયા ખૂબ સરળ કરી માત્ર ૧૫ અત્યંત જરૂરિયાત વાળી બાબતોને ફોકસ કરીને તેની પૂર્તતાના આધારે પ્લાન પાસ થઈ શકશે. ભવિષ્યમાં હાઈરાઈઝડ બિલ્ડીંગ માટે પણ ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમ શરૂ કરવામાં આવનાર છે. આ પ્રસંગે મંત્રીશ્રીઓ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, શ્રી પ્રદિપસિંહ જાડેજા અને શ્રી કૌષિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

## જેલમાં બંધ નારાયણ સાંઈના પેરોલ મંજૂર

ગુજરાત હાઈકોર્ટે નારાયણ સાંઈને જેલમાંથી મુક્ત કરવા માટે પેરોલ મંજૂર કર્યા છે. નારાયણ સાંઈ પોતાને ભગવાનનો અવતાર માનનારા આસારામનો દીકરો છે. બીમાર માતાને મળવા માટે કોર્ટે નારાયણના પેરોલ મંજૂર કર્યા છે. ડિસેમ્બર ૨૦૧૩માં હરિયાણાથી બળાત્કારના કેસમાં નારાયણ સાંઈની ધરપકડ થયા બાદ તે પહેલીવાર જેલની બહાર આવી રહ્યો છે. નારાયણે હાઈકોર્ટમાં પેરોલ માટે પાછલા અઠવાડિયે અરજી કરી હતી, જેમાં તેણે કેદીના અધિકારની વાત કરી હતી. પોતાની માતાને ગંભીર બીમારી હોવાની કોર્ટમાં તેણે રજૂઆત કરી હતી જેમાં જણાવ્યું હતું કે તેની માતાનું હૃદય ૪0% જ કામ કરી રહ્યું છે જેથી તે તેમને મળવા માગે છે. નારાયણની અરજી પર સુનાવણી કરીને એએસ સુપેહિયાએ કેદીના અધિકારોને ધ્યાનમાં રાખીને ૫,૦૦૦ના બોન્ડ પર પેરોલ આપવામાં આવ્યા છે.

# સીબીએસઈ બોર્ડની પરીક્ષા ઓનલાઈન નહિ, તો લેખિત થશે

## પહેલાં ક્લાસમાં પ્રયોગાત્મક કાર્યો માટે વિદ્યાર્થી ઉપસ્થિત ન રહી શકે તો અન્ય વિકલ્પ વિશે વિચારવામાં આવશે

ગાંધીનગર,તા.૩

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષા લેખિતમાં જ યોજાશે તેવુ કહેવામાં આવ્યું છે. ૨૦૨૧માં યોજાનારી સીબીએસઈ બોર્ડની પરીક્ષા ઓનલાઈન નહિ યોજવામાં આવે. કોવિડની ગાઈડલાઈન અંતર્ગત પરીક્ષાનું આયોજન કરાશે તેવું કહેવાયુ છે.

ટૂંક સમયમાં પરિસ્થિતિઓની સમીક્ષા બાદ પરીક્ષાની તારીખની જાહેરાત કરાશે. સીબીએસઈના અધિકારીઓએ જણાવ્યું કે, ૨૦૨૧માં બોર્ડ પરીક્ષાઓ ઓનલાઈન માધ્યમથી ન લઈને લેખિત પરીક્ષાઓ થશે. પરીક્ષાના સંચાલન માટે તારીખો પર વિચાર-વિમર્શ હજી ચાલી રહ્યું છે. બોર્ડના અધિકારીઓએ એમ પણ કહ્યું કે, જો પરીક્ષા પહેલા ક્લાસમાં પ્રયોગાત્મક કાર્યો માટે વિદ્યાર્થી ઉપસ્થિત ન રહી શક્યા તો અન્ય વિકલ્પ વિશે વિચારવામાં આવશે. સીબીએસઈના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, બોર્ડ પરીક્ષાનું આયોજનની તારીખના સંબંધમાં હજી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. તે મામલે હજી વિચાર ચાલી રહ્યો છે.

પરીક્ષાઓ જ્યારે પણ થશે તો લેખિત સ્વરૂપે થશે. પરીક્ષા કોવિડની તમામ ગાઈડલાઈનનું પાલન કરીને આયોજિત કરવામાં આવશે. કેન્દ્રીય શિક્ષા મંત્રી રમેશ પોખરિયાલ આગામી વર્ષે થનારી બોર્ડની પરીક્ષાઓ અને પ્રતિસ્પર્ધી સ્પર્ધાઓના મુદ્દા પર ૧૦ ડિસેમ્બરના રોજ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે વાતચીત કરવાના છે.

# શિક્ષકો માર્કેટિંગ-ગૃહ ઉદ્યોગ જેવા કામ કરવા મજબૂર

## કોરોના વાયરસના કારણે હાલત ખરાબ : બાળકોના ભવિષ્યના ઘડતરમાં મહત્ત્વનો રોલ અદા કરનારા શિક્ષકોનું વર્તમાન અને ભાવિ કોરોનાના કારણે ખતરામાં

અમદાવાદ,તા.૩

કોરોના વાયરસના કપરા સમયે ભલભલા લોકો માટે આર્થિક મુશ્કેલી સર્જી છે.



તેમાં પણ બાળકોના ભવિષ્યના ઘડતરમાં મહત્ત્વનો રોલ અદા કરનારા શિક્ષકોનું વર્તમાન અને ભાવિ આ કોરોનાના કારણે ખતરામાં સપડાયા છે. ખાસ કરીને શાળાઓમાં ખાનગી શિક્ષક તરીકે કામ કરતા શિક્ષકો અને ટ્યુશન કરતા શિક્ષકોની કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે. આ સમયે વાત છે એવા શિક્ષકોની કે જેઓ આઠ મહિના પહેલા ટ્યુશન ચલાવી રોજીરોટી કમાતા હતા પણ લૉકડાઉન અને ત્યારબાદ બાદની સ્થિતિને તાબે થઈને કોઈએ પ્રિન્ટિંગ, કોઈએ મલ્ટીલેવલ માર્કેટિંગ તો કોઈએ ખાખરા-ચવાણા જેવા ગૃહઉદ્યોગ તરફ વળવું પડ્યું છે. શહેરના નિર્ણયનગર વિસ્તારમાં રહેતા હાર્દિકભાઈ શાહ વર્ષોથી ટ્યુશન ક્લાસ ચલાવે છે.

ટ્યુશન ક્લાસ રેગ્યુલર ચાલતા હતા ત્યાં સુધી બધું બરાબર હતું પણ કોરોનાને કારણે હજુ સુધી ક્લાસ બંધ રહેતા તેઓએ ગ્રાફિક્સ પ્રિન્ટિંગના ધંધામાં નસિબ અજમાવવું પડ્યું છે. ટ્યુશન ક્લાસ નહીં ખુલતા આર્થિક સ્થિતિ કફોડી થઈ ગઈ છે. તેઓએ વર્ષોથી જમાવેલા ટ્યુશન ક્લાસના ધંધામાંથી અન્ય ધંધા તરફ વળવું પડ્યું છે. જોકે, નવા ધંધામાં સેટ થતા પણ તેમને વાર લાગશે પરંતુ ખરાબ સમય નીકળી જશે પછી બધું બરાબર થઈ જશે તેવી તેમને આશા છે.

માત્ર હાર્દિકભાઈ શાહ જ નહીં વ્યાસવાડી પાસે રહેતા ટ્યુશન ક્લાસના શિક્ષક મેહુલભાઈ ચૌહાણની પણ આવી જ હાલત છે. વર્ષોના વર્ષો વિદ્યાર્થીઓને ભણાવવામાં કાઢ્યા બાદ હવે કોરોનાએ એ પણ છોડાવી દીધુ. વિદ્યાર્થીઓને ભણાવવાના ક્લાસ અને પટલીઓ ધૂળ ખાય છે. શિક્ષણ કાર્ય બંધ થતાં તેમણે ઘરમાં જ ખાખરા-ચવાણા અને ગૃહઉધોગની નાની દુકાન કરી છે. તેઓનું કહેવું છે કે આ દુકાનથી આર્થિક સદ્ધરતા તો નહીં આવે પણ પરિવારનું ગુજરાન ચાલશે. ભૂખ્યા નહીં ઊંઘવું પડે. તેમના જ ગ્રુપના ૨૭ જેટલા ક્લાસીસ



શિક્ષકોએ ટ્યુશન ક્લાસનો ધંધો બંધ કરી દીધો છે.

તેઓ એવી પણ અપીલ કરે છે જો કોરોનાનો આ કપરો સમય કાઢી લેશો તો સારો સમય આવશે. મહત્ત્વનું છે કે કોરોનાએ લોકોની કારકિર્દી ભરખી લીધી હોય. આવા આ માત્ર બે જ નહીં પરંતુ અનેક ઉદાહરણો છે.

અમદાવાદમાં ૧૫ હજારથી વધુ ટ્યુશન ક્લાસીસ છે. જેમાથી અનેક ક્લાસ ભાડા પર ચાલે છે. લૉકડાઉન બાદ ધંધો જ બંધ હોય તો ભાડું પણ કેવી રીતે ભરી શકવાના? આ કારણે અનેક ક્લાસ બંધ થઈ ગયા છે.

# અમદાવાદની આત્મનિર્ભર કેફેમાં મોડી રાત્રે ચોરી

અમદાવાદ,તા.૩

શહેરના એસજી હાઈવે પર આવેલા આત્મનિર્ભર કેફેમાં ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. કેફેના કેશ કાઉન્ટરમાંથી રોકડા રૂપિયાની ચોરી થતા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. કોરોનાની મહામારી સમયે લોકો આત્મનિર્ભર બને તેવુ મોદી સરકારે હાકલ કરી હતી. આ જ નામ પરથી એક કેફે એસજી હાઈવે પર શરૂ થયું હતું. આત્મનિર્ભર નામના આ કેફેમાં હવે ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. હાંસોલમાં રહેતા ગિરીશ ભાઈ ટેકવાણી રાજપથ કલબ સામે આત્મનિર્ભર નામનું કેફે ધરાવે છે. ગત ૧૯મી નવેમ્બરના રોજ ગિરીશ ભાઈ તથા તેમનો સાળો રાત્રે બાર વાગ્યે કેફે બંધ કરી કારીગરને ચાવી આપીને ગયા હતા. બીજે દિવસે સવારે કારીગરે દૂધ લાવવા ડ્રોઅર ખોલ્યું તો તેમાં બે હજાર રોકડા અને મોબાઈલ ફોન ગાયબ હતા. જેથી તપાસ કરી પણ કઈ મળ્યું ન હતું. જેથી ચોરી થઈ હોવાની શંકાના આધારે ગિરિશભાઈને કારીગરે જાણ કરી હતી. બાદમાં તપાસ કરી તો, રાત્રે ત્રણેક વાગ્યે એક શખશ ત્યાં આવતો નજરે પડે છે પણ તે કેફેમાં જતો નથી દેખાતો. જેથી હવે અંદરના જ કોઈ કારીગરે ચોરી કર્યાની શંકાના આધારે વસ્ત્રાપુર પોલીસે તપાસ શરૂ કરી છે. અમદાવાદમાં ગત સપ્ટેમ્બર માસમાં પણ એક હાઈટેક ચોરીનો બનાવ સામે આવ્યો હતો. તમારે તે પણ જાણવો જોઈએ. અમદાવાદ સહિત રાજ્યભરમાંથી મર્સિડિસ, ફોર્ચ્યુનર, સ્કોર્પિયો સહિતની વૈભવી કારની ચોરી કરતો અને એમબીએ થયેલા ચોરને ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડ્યો છે. આ ચોર ગાડીના સર્વિસ સ્ટેશનમાં જઈને ગાર્ડની નજર ચૂકવી કારની ચાવી ચોરી લેતો હતો અને તે ગાડીમાં જીપીઆરએસ લગાવી દેતો હતો. જીપીઆરએસ લગાવ્યા બાદ તે ગાડીમાં બેસી કી - ડેટા સ્કેનરમાં ચાવી સ્કેન કરતો અને કી - કટિંગ મશીનમાં બ્લેક્ર ચાવી નાખીને તે ગાડીની ડુપ્લિકેટ ચાવી બનાવતો હતો. ત્યારબાદ જીપીઆરએસથી તે ગાડીનું લોકેશન મેળવીને ગમે ત્યાંથી ગાડી ચોરી જતો હતો.